eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 234
June 25, 2010

## સુરત મહાનગરપાલિકાનાં આરોગ્ય ખાતા ધ્વારા "સ્વર્ણીમ ગુજરાત" નિમીત્તે તા.૧૮/૬/૧૦ના રોજ વિનામુલ્યે ગર્ભાશય કેન્સર તથા સ્તન કેન્સર તપાસ કેમ્પનું આયોજન



સુરત મહાનગરપાલિકાનાં આરોગ્ય ખાતા ધ્વારા "સ્વર્ણીમ ગુજરાત" નિમીત્તે વિનામુલ્યે ગર્ભાશય કેન્સર તથા સ્તન કેન્સર તપાસ કેમ્પનું આયોજન તા.૧૮/૬/૧૦ના રોજ ૨.૦૦ થી ૫.૦૦ સ્મીમેર હોસ્પિટલ, વરાછા અર્બન હેલ્થ સેન્ટર તથા કરંજ અર્બન હેલ્થ સેન્ટર ખાતે કરવામાં આવેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થ ઝોન (કતારગામ) ની કામગીરી

નોર્થ ઝોન(કતારગામ) વિસ્તારમાં તા. ૦૯–૦૬–૨૦૧૦ નાં રોજ ડ્રેનેજ વિભાગ દ્વારા નીચે જણાવેલ એપાર્ટમેન્ટો તથા સોસાયટીઓના ગેરકાયદેસર ડ્રેનેજ કનેકશનો દુર કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>



## તા.૨૦/૦૬/૨૦૧૦ના રોજ વિવિધ ઝોનોમાં યોજાયેલ તાપી નિમર્ળોત્સવ

જેના ખોળે સુરત શહેર અને શહેરીજનો સુખી અને સમૃધ્ધ બન્યા છે તે સૂર્યપુત્રી તાપી માતાને પુનઃશુધ્ધ અને સુચિતાપૂર્ણ બનાવવાના ઉદાત્ત ધ્યેયથી સુરત મહાનગરપાલિકાએ શહેરની વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી તા. ૬/૬/૨૦૧૦થી તા. ૨૭/૦૬/૨૦૧૦ દરમ્યાન "તાપી નિમર્ળોત્સવ" ઉજવવાનું નકકી કરેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઝોન (ઉધના)માં કરવામાં આવેલ ડિમોલીશન કામગીરી



આજ રોજ તા.૨૨/૬/૨૦૧૦ના રોજ માન.કમિશ્નરશ્રીની સુચના મુજબ અને ડે. કમિશ્નરશ્રી (જન.) તથા કાર્યપાલક ઈજનેરશ્રી ના માર્ગદર્શન હેઠળ સાઉથ ઝોન (ઉધના)નાં શહેર વિકાસ તથા દબાણ ખાતા મારફત નીચે જણાવેલ સ્થળે ડિમોલીશનની કામગીરી કરવામાં આવેલ છે
સાઉથ ઝોન(ઉધના)માં ટી.પી.સ્કીમ નં.૨માં આવેલ બમરોલી ૧૨૦ રોડના મુખ્ય માર્ગ પર આવેલ કર્મયોગી સોસાયટી–૧ ના કહેવાતા સબ પ્લોટ નં. ૨૦૮, ૨૦૯, ૨૧૦(સી.ઓ.પી.) માં હોસ્પીટલના કોર્મશીયલ બાંધકામનું ડીમોલીશન કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## વર્ષાગીત સ્પર્ધાનું આયોજન

વર્ષાના આગમનને વધાવવા સુરત મહાનગરપાલિકા દ્વારા **વર્ષાગીત સ્પર્ધા** નું આયોજન તા. ૦૭–૦૭–૨૦૧૦ ને બુધવારના રોજ સવારે ૯.૦૦ કલાકે ચં.ચી. મહેતા નાટયગૃહ (રંગઉપવન), ચોકબજાર, સુરત ખાતે કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકાનાં આરોગ્ય ખાતા ધ્વારા "સ્વર્ણીમ ગુજરાત" નિમીત્તે તા.૧૮/૬/૧૦ના રોજ વિનામુલ્યે ગર્ભાશય કેન્સર તથા સ્તન કેન્સર તપાસ કેમ્પનું આયોજન




સુરત મહાનગરપાલિકાનાં આરોગ્ય ખાતા ધ્વારા "સ્વર્ણીમ ગુજરાત" નિમીત્તે વિનામુલ્યે ગર્ભાશય કેન્સર તથા સ્તન કેન્સર તપાસ કેમ્પનું આયોજન તા.૧૮/૬/૧૦ના રોજ ૨.૦૦ થી ૫.૦૦ સ્મીમેર હોસ્પિટલ, વરાછા અર્બન હેલ્થ સેન્ટર તથા કરંજ અર્બન હેલ્થ સેન્ટર ખાતે કરવામાં આવેલ. આ કેમ્પને સફળ બનાવવામાં ઈનરવ્હીલ કલબ ઓફ સુરત(ઈસ્ટ) ઈન્ડીયન રેડક્રોસ સોસા. ચોર્યાસી બ્રાન્ચ, શાંતિ મહિલા ઉત્કર્ષ મંડળ, લોક દષ્ટિ ચેરીટેબલ ટ્રસ્ટ, ગં.સ્વ.મહિલા ઉત્કર્ષ મંડળ, સ્વામી નારાયણ ગુરૂકુળ વેડરોડ, બ્રહમાકુમારીઝ ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય, ગુજરાત વિકાસ સમિતિ, માનવ ઉત્થાન સમિતિ તથા અખિલ ભારતીય મહિલા ઉત્કર્ષ ટ્રસ્ટનું બહુમૂલ્ય યોગદાન પ્રાપ્ત થયેલ છે.

સ્મીમેર હોસ્પિટલ ખાતે કાર્યક્રમનો શુભારંભ મા.કોર્પોરેટરશ્રી વજુભાઈ સુહાગીયા, અખિલ ભારતીય મહિલા ઉત્કર્ષ ટ્રસ્ટનાં પ્રમુખ શ્રીમતી નિરંજનાબેન જાની, બ્રહમાકુમારીઝ ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનાં પ્રમુખ શીલાબેન, આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશનરશ્રી(હેલ્થ એન્ડ હોસ્પિટલ) ડો.હેમંતભાઈ દેસાઈ, મેડીકલ ઓફિસર (વર્ગ–૧) ડો.અરૂણાબેન પટેલ, નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડો.કલ્પેશભાઈ ખત્રી, સ્મીમેર હોસ્પિટલનાં ગાયનેક વિભાગનાં વડા શ્રીમતિ ડો.માલતીબેન દલાલ ધ્વારા દીપ પ્રાગટય કરી કરવામાં આવેલ.

કરંજ અર્બન હેલ્થ સેન્ટર ખાતે કાર્યક્રમનો શુભારંભ સુરત મહાનગરપાલિકાનાં આરોગ્ય સમિતિનાં ચેરમેન શ્રીમતિ સ્મિતાબેન એસ.પટેલ, કોર્પોરેટર શ્રીમતિ અસ્મિતાબેન શિરોયા, શ્રીમતિ મંજુલાબેન સાવલીયા, શ્રી જયોતિબેન કોઠીયા, શ્રીમતિ રંજનબેન વેકરીયા તથા લોક ચેરીટેબલ ટ્રસ્ટનાં ડો.પ્રફુલ્લભાઈ શિરોયાની સહઉપસ્થિતમાં દીપ પ્રાગટય વિધિથી કરવામાં આવેલ હતો.



વરાછા અર્બન હેલ્થ સેન્ટર ખાતે સદરહુ કાર્યક્રમને શુભારંભ કોર્પોરેટરશ્રી પ્રફુલ્લભાઈ શિરોયા, શ્રીમતી જયોતિબેન કોઠીયા, નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડો.કે.એ.શ્રોફ તથા માનવ ઉત્થાન સમિતિના પ્રમુખશ્રી બળવંતભાઈ દૂધાત તેમજ મેડીકલ ઓફિસર (વર્ગ–૨) ડો.જયશ્રી ચોકસી ધ્વારા દીપ પ્રાગટય કરી કરવામાં આવેલ.

વરાછા રોડ, લંબે હનુમાન રોડ, માતાવાડી તેમજ પુણા ગામનાં સ્થાનિક પ્રજાજનોએ આ વિનામૂલ્ય કેમ્પમાં ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

ઉપરોકત કેમ્પમાં 'સ્મીમેર' હોસ્પિટલ ખાતે ૭૫ લાભાર્થીઓએ, કરંજ અર્બન હેલ્થ સેન્ટર ખાતે ૩૧૨ લાભાર્થીઓએ તથા વરાછા અર્બન હેલ્થ સેન્ટર ખાતે ૩૨૯ લાભાર્થીઓએ લાભ લીધેલ હતો.

TOP

## નોર્થ ઝોન (કતારગામ) ની કામગીરી

નોર્થ ઝોન(કતારગામ) વિસ્તારમાં તા. ૦૯–૦૬–૨010 નાં રોજ ડ્રેનેજ વિભાગ દ્વારા નીચે જણાવેલ એપાર્ટમેન્ટો તથા સોસાયટીઓના ગેરકાયદેસર ડ્રેનેજ કનેકશનો દુર કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.

(૧) સીંગણપોર નવા મહોલ્લા પાસે શુકન એપાર્ટમેન્ટ, ગોપીનાથ ડેવલોપર્સ.

(૨) સીંગણપોર નવા મહોલ્લા પાસે શાંતનું એપાર્ટમેન્ટ, એંજલ ડેવલોપર્સ.

(૩) સીંગણપોર નવા મહોલ્લા પાસે ધર્મજીવન એપાર્ટમેન્ટ, ગોપીનાથ ડેવલોપર્સ

(૪) સીંગણપોર રોડ નવા હનુમાનજી મંદિરની સામે આવેલ રિધ્ધી સોસાયટી.

(૫) ભરતવાટીકા સોસાયટી રમણપાર્ક પાસે.

(૬) રમણપાર્ક પાસે ચિત્રકુટ સોસાયટી

આ ગેરકાયદેસર ગટર જોડાણ દુર કરવા નોર્થ ઝોન કચેરીના ડે. ઈજનેરશ્રી, જુની. ઈજનેરશ્રી અને ટેક. આસી. શ્રી હાજર રહી લોકોના વિરોધ વચ્ચે પણ કોઈની શેહ શરમ રાખ્યા વિના ગેરકાયદે ગટર જોડાણ એક જે.સી.બી. મશીન સાથે રાખી દુર કરવામાં આવેલ છે.

TOP

## તા.૨૦/૦૬/૨૦૧૦ના રોજ વિવિધ ઝોનોમાં યોજાયેલ તાપી નિર્મળોત્સવ

જેના ખોળે સુરત શહેર અને શહેરીજનો સુખી અને સમૃધ્ધ બન્યા છે તે સૂર્યપુત્રી તાપી માતાને પુનઃશુધ્ધ અને સુચિતાપૂર્ણ બનાવવાના ઉદાત્ત ધ્યેયથી સુરત મહાનગરપાલિકાએ શહેરની વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી તા. ૬/૬/૨૦૧૦થી તા. ૨૭/૦૬/૨૦૧૦ દરમ્યાન ''તાપી નિર્મળોત્સવ'' ઉજવવાનું નક્કી કરેલ છે.

જેના પ્રથમ ચરણ રૂપે જુદા જુદા ઝોનના કુલ ૮ (આઠ) ઓવારાઓ સેન્ટ્રલ ઝોન–નાવડીઓવારો, રાંદેર ઝોન–રામજી ઓવારો, વરાછા ઝોન–વેદરાજ, મહાપ્રભુજીની બેઠક તેમજ મૌની ઓવારો, કતારગામ ઝોન–વીયરકમ કોઝવેના સીંગણપોર તરફના કિનારા પર,અઠવા ઝોન–રામનાથ ઘેલા તેમજ ભગવાન કરૂણાસાગર ઓવારા પર તા. ૦૬–૦૬–૨૦૧૦ના રોજ તાપી સફાઈ અભિયાન હાથ ધરવામાં આવેલ.

દ્વિતીય ચરણરૂપે જુદા જુદા ઝોન કુલ ૫ (પાંચ) ઓવારાઓ સેન્ટ્રલઝોન ડકકા ઓવારો, રાંદેરઝોન સ્વામી નારાયણ મંદિર પાસે, અડાજણ, વરાછાઝોન સિધ્ધકુટીર ઓવારો, કતારગામ ઝોન પાંડવ ઓવારો તથા તેની આજુબાજુનો વિસ્તાર, અઠવાઝોન ઉમરા, કરૂણાસાગર મંદિરની પાસેથી હોટલ ગેટવે સુધીના વિસ્તારમાં તા. ૧૩–૬–૨૦૧૦ના રોજ તાપી સફાઈ અભિયાન હાથ ધરવામાં આવેલ.





તા. ૨૦/૦૬/૨૦૧૦ રવિવારના રોજ ''તાપી નિર્મળોત્સવ'' ના તૃતીય ચરણરૂપે સવારે ૮.૦૦ થી ૧૧.૦૦ કલાક દરમ્યાન સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરની વિવિધ સેવાભાવી સંસ્થાઓના સહયોગથી નીચે જણાવેલા ઓવારા/ સ્થળોએ તાપી સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યુ હતું.

| ઝોન | | સ્થળ | સહયોગી સ્વૈચ્છિક સંસ્થાઓ |
|---|---|---|---|
| સેન્ટ્રલ ઝોન | : | પાતાળી હનુમાન ઓવારો | યંગસ્ટાર ગ્રુપ સુરત |
| રાંદેર ઝોન | : | હનુમાન ટેકરી રાંદેર | શ્રી ગણેશ યુવક મંડળ, પાંચપીપળા, રાંદેર<br>સેલર કલબ(પાંચ પીપળા રાંદેર)<br>ખલાસી તીમલા પંચ ઢીંગણી ફળીયા, રાંદેર<br>ખલાસી તીમલા પંચ હનુમાન ટેકરી, રાંદેર<br>દુધેશ્વર યુવક મંડળ, પાંચ પીપળા, રાંદેર<br>આર્ય બજરંગ મંડળ, વાંકલ, રાંદેર<br>પટેલ યુવક મંડળ, ઝંડાચોક, રાંદેર<br>આચાર્યશ્રી, એમ.એમ.પી. પીપરડીવાળા શાળા<br>હનુમાન ટેકરી યુવક મંડળ,રાંદેર<br>પર્યાવરણ જાળવણી સેવા સાર્વજનિક ટ્રસ્ટ<br>વાંકલ યુવક મંડળ |
| વરાછા ઝોન | : | રામજી મંદિર ઓવારો | સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ<br>સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ<br>ગણેશ ઉત્સવ સમિતિ,સુરત શહેર,નાના વરાછા<br>સ્વામી વિવેકાંનદ સેવા ટ્રસ્ટ,કતારગામ<br>તાપી સ્પોર્ટસ કલબ અને ગણેશ વિસર્જન સમિતિ,નાના વરાછા<br>ગુર્જર ક્ષત્રિય યુવા કેડર, પુણાગામ.<br>એમ.એન.જે.પટેલ ઉચ્ચતર મા.શાળા(કોમર્સ)<br>સરદાર પટેલ વિદ્યાભવન<br>જે.ડી.ગાબાણી કોમર્સ કોલેજ<br>પી.પી.સવાણી ટ્રસ્ટ અને ઈ.એમ.ચેરીટેબલ ટ્રસ્ટ<br>સત્ય સનાતન મહિલા મંડળ<br>કિશાન મોરચા,નાના વરાછા<br>જળક્રાંતિ ટ્રસ્ટ |
| કતારગામ ઝોન | : | લંકાવિજય ઓવારો<br>અમરોલી બ્રિજ પાસે તેમજ કતારગામ વોટર વકર્સ પાસે | ગણેશ વિર્સજન મંડળ,ફૂલપાડા<br>વેલકમ કલીયારીટી કલબ,કતારગામ<br>હરેકૃષ્ણ ટ્રસ્ટ<br>શ્રી ગણેશ ઉત્સવ મંડળ |
| અઠવા ઝોન | : | અંબાજી મંદિર ઓવારો , આંબેડકર નગરની આજુબાજુનો વિસ્તાર | નેચર કલબ,સુરત<br>અંબિકા નિકેતન ટ્રસ્ટ<br>નારાયણ યુવક મંડળ |

Continue …

સેન્ટ્રલ ઝોનમાં આવેલ પાતાળી હનુમાન ઓવારા ખાતે મા. કલેકટરશ્રી અને ઈ.ચા. કમિશ્નરશ્રી એ. જે શાહ, મ્યુ. અધિકારીશ્રીઓ તેમજ અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં સેવાભાવી સંસ્થા, યંગસ્ટારગૃપના અંદાજે ૩૫ જેટલા સ્વયં સેવકો/બાળકો તથા સુરત મહાનગરપાલિકાના ૫૦ જેટલા કર્મચારીઓ દ્વારા સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી અને કાદવ, લીલ, જળકુંભી વગેરે જેવા ૧૩ ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો.





રાંદેર ઝોનમાં હનુમાન ટેકરી ઓવારો, રાંદેર ખાતે મા. કલેકટરશ્રી અને ઈ.ચા. કમિશ્નરશ્રી એ. જે શાહ, મ્યુ. અધિકારીશ્રીઓ તેમજ અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં પર્યાવરણ જાળવણી સેવાસાર્વજનિક ટ્રસ્ટ,શ્રી ગણેશ યુવક મંડળ,સેઈલર કલબ,રાંદેર, આચાર્યશ્રી, એમ.એમ.પી. પીપરડીવાળા શાળા,પટેલ યુવક મંડળ, ઝંડાચોક, રાંદેર વગેરે સેવાભાવી સંસ્થાઓના અંદાજે ૨૦૦ સ્વયંસેવકો/બાળકો તથા સુરત મહાનગરપાલિકાના ૧૨૦ જેટલા કર્મચારીઓ દ્વારા સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી અને કાદવ, લીલ, જળકુંભી વગેરે જેવા ૧૦૫ ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો.

કતારગામ ઝોનમાં લંકાવિજય ઓવારો,કતારગામ ખાતે મા. કલેકટરશ્રી અને ઈ.ચા. કમિશ્નરશ્રી એ. જે શાહ, મ્યુ. અધિકારીશ્રીઓ તેમજ અન્ય મહાનુભાવોની હાજરીમાં સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં ગણેશ વિર્સજન મંડળ,ફૂલપાડા,વેલકમ કલીયારીટી કલબ,કતારગામ,હરેકૃષ્ણ ટ્રસ્ટ,શ્રી ગણેશ ઉત્સવ મંડળ વગેરે સેવાભાવી સંસ્થાઓના અંદાજે ૬૦ સ્વયંસેવકો તથા સુરત મહાનગરપાલિકાના ૧૫૦ જેટલા કર્મચારીઓ દ્વારા સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી અને કાદવ, લીલ, જળકુંભી વગેરે જેવા ૭૬ ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો.





વરાછા ઝોનમાં રામજી મંદિર ઓવારા ખાતે મ્યુ. અધિકારીશ્રીઓ તેમજ અન્ય મહાનુભાવોની ઉપસ્થિતમાં સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ,સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ,સ્વામી વિવેકાંનદ સેવા ટ્રસ્ટ,કતારગામ,ગુર્જર ક્ષત્રિય યુવા કેડર, પુણાગામ,એમ.એન.જે.પટેલ ઉચ્ચતર મા.શાળા(કોમર્સ),સરદાર પટેલ વિદ્યાભવન,જે.ડી.ગાબાણી કોમર્સ કોલેજ,પી.પી.સવાણી ટ્રસ્ટ અને ઈ.એમ.ચેરીટેબલ ટ્રસ્ટ,સત્ય સનાતન મહિલા મંડળ,કિશાન મોરચા,નાના વરાછા,જળક્રાંતિ ટ્રસ્ટ વગેરે ૧૩ જેટલી સેવાભાવી સંસ્થાઓના અંદાજે ૧૯૮ સ્વયંસેવકો તથા સુરત મહાનગરપાલિકાના ૧૭૭ જેટલા કર્મચારીઓ દ્વારા સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી અને જળકુંભી વગેરે જેવા ૧૪ ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો.

અઠવા ઝોનમાં અંબાજી મંદિર ઓવારો, આંબેડકર નગરની આજુબાજુનો વિસ્તાર ખાતે ઉપસ્થિત મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાળા, મા. કલેકટરશ્રી અને ઈ.ચા. કમિશ્નરશ્રી એ. જે શાહ, મ્યુ. અધિકારીશ્રીઓ તેમજ અન્ય મહાનુભાવોની હાજરીમાં સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં નેચર કલબ,સુરત,અંબિકા નિકેતન ટ્રસ્ટ,નારાયણ યુવક મંડળ વગેરે સેવાભાવી સંસ્થાઓના અંદાજે ૪૫ સ્વયંસેવકો તથા સુરત મહાનગરપાલિકાના ૨૪૨ જેટલા કર્મચારીઓ દ્વારા સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી અને માટી મિશ્રિત કચરો,કાદવ વગેરે જેવા ૩૬ ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો.

આમ, તાપી નિર્મળોત્સવ અંતર્ગત આજ રોજ શહેરના કુલ ૫(પાંચ) ઓવારા પર શહેરની ૩૨ જેટલી સેવાભાવી સંસ્થાઓના ૬૬૩ જેટલા સ્વયંસેવકો/બાળકો અને સુરત મહાનગરપાલિકાના ૭૩૯ જેટલા અધિકારી/ કર્મચારીઓ દ્વારા ૬ જે.સી.બી., ૩ ડમ્પર, ૫ લોડર, ૧૦ ટ્રક, ૧૯ ટ્રેકટર વિગેરેની મદદથી સફાઈ કામગીરી હાથ ધરી કુલ ૨૪૪ ટન જેટલા કચરાનો નિકાલ કર્યો હતો.

"તાપી નિર્મળોત્સવ" અંતર્ગત યોજાયેલ સફાઈ કાર્યક્રમમાં મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, મા. કલેકટરશ્રી અને ઈ.ચા. કમિશ્નરશ્રી એ. જે શાહ તથા મહાનગરપાલિકાની વિવિધ સમિતિઓના મા. અધ્યક્ષશ્રીઓ, મ્યુ. સદસ્યશ્રીઓ, શહેરની વિવિધ સેવાભાવી સંસ્થાઓના પ્રતિનિધિઓ તેમજ શહેરીજનોએ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

આવાનારા આગામી સપ્તાહ સુધી તાપી નિર્મળોત્સવ ને વધુ વેગવાન બનાવવામાં આવનાર છે. અને સુરત મહાનગરપાલિકા "તાપી નિર્મળોત્સવ" ના ઉમદા કાર્યમાં વધુમાં વધુ સંખ્યામાં સેવાભાવી સંસ્થાઓ અને નગરજનો જોડાઈ તે માટે સૌને અપીલ કરે છે.

TOP

## સાઉથ ઝોન (ઉધના)માં કરવામાં આવેલ ડિમોલીશન કામગીરી



આજ રોજ તા.૨૨/૬/૨૦૧૦ના રોજ માન.કમિશ્નરશ્રીની સુચના મુજબ અને ડે. કમિશ્નરશ્રી (જન.) તથા કાર્યપાલક ઈજનેરશ્રી ના માર્ગદર્શન હેઠળ સાઉથ ઝોન (ઉધના)નાં શહેર વિકાસ તથા દબાણ ખાતા મારફત નીચે જણાવેલ સ્થળે ડિમોલીશનની કામગીરી કરવામાં આવેલ છે.

સાઉથ ઝોન(ઉધના)માં ટી.પી.સ્કીમ નં.૨માં આવેલ બમરોલી ૧૨૦ રોડના મુખ્ય માર્ગ પર આવેલ કર્મયોગી સોસાયટી–૧ ના કહેવાતા સબ પ્લોટ નં. ૨૦૮, ૨૦૯, ૨૧૦(સી.ઓ.પી.) માં હોસ્પીટલના કોર્મશીયલ બાંધકામનું ડીમોલીશન કરવામાં આવેલ છે. સદરહુ સોસાયટીનાં લે આઉટ પ્લાન અગાઉ કોઈ સત્તા મંડળ ધ્વારા મંજુર થયા નથી. પરંતુ વર્ષો અગાઉ આ સ્થળે રહેઠાણનાં પ્લોટો પાડવામાં આવેલ. આ સોસાયટીમાં વખતો વખત લે આઉટમાં અનઅધિકૃત ફેરફાર થયેલા અને જે મુજબ અગાઉ કુલ ૨૦૭ પ્લોટ હતા. તેમાં અનઅધિકૃત વધારાના પ્લોટો પાડવામાં આવેલ. જે પૈકી પ્લોટ નં. ૨૦૮,૨૦૯,૨૧૦ વધારાના પ્લોટો સોસાયટીના સી.ઓ.પી.માં પાડવામાં આવેલ.

ઉપરોકત સ્થળે રહેઠાણ સિવાયનું કોર્મશીયલ હેતુનું હોસ્પીટલનું બાંધકામ શરૂ કરાતાં સાઉથ ઝોન કચેરી ધ્વારા મનાઈ હુકમ નં.૩૨૧ તા.૧૭/૪/૨૦૧૦ તથા કારણદર્શક નોટીસ નં.૩૨૨ તા.૧૭/૪/૨૦૧૦નાં રોજ મિલકતદારો ભૂપેન્દ્રસિંહ દેવીદાસસિંહ રાજપુત અને લક્ષ્મીનાથ ઉદયનાથ પાનીગ્રહીને બજાવવામાં આવેલ. જે નોટિસનો મિલ્કતદારોએ અનાદર કરેલ અને બાંધકામ યથાવત શરૂ રાખેલ જેથી આજ રોજ ઉધના ઝોન ધ્વારા આ સ્થળે સવારે ૯.૦૦ કલાકથી બાંધકામનું ડિમોલીશન શરૂ કરી મોડી સાંજ સુધી ચાલુ રાખવામાં આવશે.

ઉપરોકત બાંધકામ ગ્રાઉન્ડ ફલોર તથા બે માળનું હતું. જે તમામ માળો મળી આશરે કુલે ૫૨૦૦ ચો.ફુટના આર.સી.સી. સ્લેબ તથા દિવાલોનું બાંધકામ દૂર કરવાનું ચાલુ છે. આ કામગીરીમાં પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ધ્વારા પોલીસ બંદોબસ્ત ફાળવી સારો સહકાર આપેલ છે તથા આ કામગીરીમાં લિંબાયત ઝોનનાં સ્ટાફ તથા જે.સી.બી. મશીનની પણ મદદ લેવામાં આવેલ છે.

ઉપરોકત ડિમોલીશનની કામગીરી માટે મિલકતદારો પાસેથી દંડકીય તથા વહીવટી ખર્ચ વસુલવાની કાર્યવાહી પણ હાથ ધરેલ છે.

TOP

## વર્ષાગીત સ્પર્ધાનું આયોજન

વર્ષાના આગમનને વધાવવા સુરત મહાનગરપાલિકા દ્વારા **વર્ષાગીત સ્પર્ધા** નું આયોજન તા. ૦૭–૦૭–૨૦૧૦ ને બુધવારના રોજ સવારે ૯.૦૦ કલાકે ચં.ચી. મહેતા નાટયગૃહ (રંગઉપવન), ચોકબજાર, સુરત ખાતે કરવામાં આવેલ છે. આ સ્પર્ધામાં સુરત શહેરની હદ વિસ્તારમાં આવેલ પ્રાથમિક અને માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ /વિદ્યાર્થીનીઓ ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશ ફોર્મ સાંસ્કૃતિક વિભાગ, ચં.ચી.મહેતા નાટયગૃહ (રંગઉપવન), ચોકબજાર, સુરત ખાતેથી તા. ૦૩–૦૭–૨૦૧૦ સુધીમાં ઓફિસ સમય દરમ્યાન મેળવી લેવાના રહેશે. ભરેલા **પ્રવેશપત્રો સ્વીકારવાની અંતિમ તારીખ ૦૩–૦૭–૨૦૧૦ રાખવામાં આવી છે**.

TOP